# ૯$^{+}$ વયજૂથના શહેરી અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓની ક્રિયાત્મક બુદ્ધિનો તુલનાત્મક અભ્યાસ

હેતલ કે. પટેલ
રીસર્ચ સ્કોલર,
ગણપત યુનિવર્સિટી

## ૧. પ્રસ્તાવના

આજે જ્ઞાન-વિજ્ઞાનની સીમાઓ ખૂબજ વિસ્તરેલી છે. પ્રવર્તમાન સમયમાં દેશો વિજ્ઞાન અને ટેક્નોલોજીનો વિકાસ સાધીને ધનવાન બન્યા છે.બાળકનો વધુને વધુ વિચારશીલ વિકાસ કરવા માટે સર્જનશીલતાવાળું શિક્ષણ આપવું જરૂરી છે. કારણ કે મનુષ્યની જિંદગીની પ્રગતિનો આધાર તેની સર્જનશીલતા ઉપર છે. આપણી પ્રાથમિક શાળાઓમાં પણ સર્જનાત્મક પ્રવૃત્તિયુક્ત શિક્ષણ આપવામાં આવે તો બાળકોમાં સર્જનશીલતાની ખીલવણી થાય. આ સર્જનશીલતાના વિકાસ માટે ક્રિયાત્મક શક્તિનો વિકાસ કરવો પડે. જેમાં બાળક કોઈપણ વસ્તુનું સર્જન કોઈ ક્રિયા દ્વારા કરે.

સર્જનશીલતા અંગે બેરન (૧૯૬૯) કહે છે, સર્જનતા એટલે “પ્રવર્તમાન વસ્તુઓ તેમજ ઘટકોમાંથી નવા-નવા જોડાણો રચી ઘાટ આપવો.”આજના શિક્ષણમાં જ્ઞાનાત્મક પાસું વિકસાવવા ખૂબજ પ્રયત્નો થાય છે. પરંતુ શિક્ષણમાં ક્રિયાત્મક પાસાંને વિકસાવવાના પ્રયત્નો ખૂબ ઓછા પ્રમાણમાં થતા જોવા મળે છે, જે કરવાની તાતી જરૂરીયાત છે. તે માટે ક્રિયાત્મક કૌશલ્ય વિકસે તેવું શિક્ષણ આપવું જોઈએ.

## ૨. અભ્યાસનો હેતુ

9$^{+}$ વયજૂથના વિદ્યાર્થીઓની વિસ્તારના સંદર્ભમાં ક્રિયાત્મક બુદ્ધિનો અભ્યાસ કરવો.

## ૩. અભ્યાસની ઉત્કલ્પના

$Ho_{૧}$ વિદ્યાર્થીઓના ક્રિયાત્મક બુદ્ધિકસોટીના પ્રાપ્તાંક પર વિસ્તારની મુખ્ય અસર સાર્થક નહિ હોય.

## ૪. અભ્યાસનું ક્ષેત્ર

પ્રસ્તુત સંશોધનમાં ક્રિયાત્મક બુદ્ધિ કસોટી એ મનોવૈજ્ઞાનિક બાબત સાથે જોડાયેલી હોવાથી મનોવૈજ્ઞાનિક ક્ષેત્ર તરીકે લેવામા આવશે.

## ૫. અભ્યાસનું મહત્ત્વ

પ્રસ્તુત સંશોધન આ મુજબ ઉપયોગી બનશે.

૧. 9$^{+}$ વયજૂથના વિદ્યાર્થીઓની ક્રિયાત્મક બુદ્ધિ જાણી શકાશે.
૨. ક્રિયાત્મક બુદ્ધિમાં વિસ્તાર વાર જાતિભેદની અસર જાણી શકાશે.

૩. ક્રિયાત્મક બુદ્ધિને આધારે વાલી અને શિક્ષકોને બાળકના ભાવિ શિક્ષણ અંગે માર્ગદર્શન મળશે.

૪. ક્રિયાત્મક બુદ્ધિને લગતા નવા પ્રાયોગિક સંશોધનોમાં વિદ્યાર્થીઓના સરખાં જૂથો રચવા માટે પ્રસ્તુત કસોટી ઉપયોગમાં લઈ શકાશે.

૫. જે બાળકો બોલી ન શકતા હોય તેવા બાળકોની ક્રિયાત્મક બુદ્ધિ જાણવા માટે આ કસોટીનો ઉપયોગ કરી શકાશે.

**૬. સંશોધનનું સાધન**

ક્રિયાત્મક બુદ્ધિ કસોટીની પેટાકસોટીઓ

**પેટાકસોટી ૧ પક્ષીનો આકાર**



**પેટાકસોટી ૨ અંક સંજ્ઞા**

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯



| ૨ | ૮ | ૬ | ૧ | ૫ | ૯ | ૩ | ૭ | ૪ |
|---|---|---|---|---|---|---|---|---|
|  |  |  |  |  |  |  |  |  |

**પેટાકસોટી ૩ આકાર ગોઠવવા**





## પેટાકસોટી ૪ ઘન આકાર ગોઠવવા





## પેટાકસોટી ૫ ભૌમિતિક આકાર




## પેટાકસોટી-૬ અમૂર્ત ડિઝાઈન





## ૭. નમૂનો

પ્રસ્તુત સંશોધનના હેતુને ધ્યાનમાં રાખી અહીં કુલ ૧૦૦ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં ૫૦ શહેરી અને ૫૦ ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## ૮. સંશોધન યોજના

પ્રસ્તુત સંશોધનના હેતુને ધ્યાનમાં રાખી માહિતી પ્રાપ્ત કરવા માટે ક્રિયાત્મક બુદ્ધિ કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતીના વિશ્લેષણ માટે આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિ ટી- ટેસ્ટનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

| વિસ્તાર આધારેનું જૂથ | વિદ્યાર્થીઓની સંખ્યા | ક્રિયાત્મક બુદ્ધિ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી | ક્રિયાત્મક બુદ્ધિ કસોટીના પ્રાપ્તાંકોનું પ્રમાણ વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|
| **ગ્રામ્ય** | ૫૦ | ૧૭૮.૪૬ | ૨૪.૭૦ | ૬.૮૬ | 0.0૧ કક્ષાએ સાર્થક છે. |
| **શહેરી** | ૫૦ | ૧૯૪.૩૨ | ૨૧.૪૦ | | |

ઉપરોક્ત પરિણામ કોષ્ટક ના અભ્યાસ પરથી કહી શકાય કે ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના ક્રિયાત્મક બુદ્ધિ કસોટી પરના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચેનો તફાવત સાર્થકતા માટેનું t-મૂલ્ય ૬.૮૬ છે. જે 0.0૧ કક્ષાએ સાર્થક છે. ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓની ક્રિયાત્મક બુદ્ધિ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી કરતા શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની ક્રિયાત્મક બુદ્ધિ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી ઊંચી છે.

## ૯. નિષ્કર્ષ

પ્રસ્તુત સંશોધનના હેતુને ધ્યાનમાં રાખી પરિણામ ચર્ચા પરથી નીચે મુજબ નિષ્કર્ષ તારવી શકાય. ૯+ વયજૂથના ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ કરતા શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની ક્રિયાત્મક બુદ્ધિ ઊંચી છે.

## સંદર્ભસૂચિ


૧. દેસાઈ, કે. જી. (૨૦૦૨). મનોવૈજ્ઞાનિક માપન યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત અમદાવાદ

૨. પટેલ, લીલાબેન કે.,(૧૯૭૩). ગુજરાતમાં ધોરણ ૨ થી ૧૧ના વિદ્યાર્થીઓ માટે ક્રિયાત્મક કસોટીની રચના અને પ્રમાણીકરણ, અમદાવાદ, ગુજરાત યુનિવર્સિટી

3. Barron, (1969). Creative Person and Creative Process, NGC Freic Holt. Pp.39